





# અલ્પેશ ઠાકોરની અટકાયતના પડઘા અરવલ્લી જિલ્લામાં પડ્યા

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ અને ઓબીસી એકતા મંચના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર આંગણવાડી બહેનો, આશાવર્કરોના વેતન વધારા સાથેની માંગણી પૂર્ણ કરવા અમદાવાદના ગાંધી આશ્રમથી ગાંધીનગર સુધીની રેલી પહેલા પોલીસે ધરપકડ કરતા અરવલ્લી જિલ્લાની ક્ષત્રિય ઠાકોર સેનામાં આક્રોશ ફેલાયો હતો. અરવલ્લી જિલ્લામાં ધરપકડના પગલા પડતા ઠેર ઠેર રોડ પર ચક્કાજામ કરવામાં આવ્યુ હતુ. અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા સુનોખ નજીક ૨૦૦થી વધુ ઠાકોર સેનાના કાર્યકર્તાઓએ ચક્કાજામ કરી ટાયર સળગાવી અલ્પેશ ઠાકોરની ધરપકડનો વિરોધ પ્રદર્શન કરતા પોલીસ વિભાગ દ્વારા તમામ કાર્યકર્તાઓની અટકાયત કરી ટ્રાફિક પૂર્વરત કરાયો હતો. બાયડ ખાતે પણ ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરો રોડ પર બેસી ચક્કાજામ કરતા જિલ્લા પોલીસતંત્રમાં દોડધામ મચી હતી.








## ઠાકોર સેનાના પ્રોગ્રામનું સુરસુરિયું

આજે ઓબીસી એકતા મંચના અલ્પેશ ઠાકોરની ભારતના પ્રધાનમંત્રીનો વિરોધ કરવા જતા અટકાયત થઈ હતી. જો કે ઠાકોર સેના દ્વારા આજે અટકાયતના વિરોધમાં બનાસકાંઠાના નેશનલ હાઈવે નંબર ૮ને જામ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે આમ કરવા જતા ઠાકોર સેનાના માત્ર ૬ થી ૭ જ કાર્યકરો જોવા મળ્યા હતા. જેમાં સેનાના સંગઠનના આગેવાનો એવા ૬ થી ૭ સભ્યોએ હાઈવે જામ કરવાનો પ્રયાસ કર્યો હતો તેમજ આગાઉથી પોલીસ હાજર હોવાને પગલે તમામની અટકાયત કરાઈ હતી તેમજ ડીસા ખાતે પણ ૭ થી ૮ કાર્યકરો દ્વારા ડીસા રાધનપુર હાઈવે જામ કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે પોલીસે તમામની અટકાયત કરી હતી. આજે ફરી એકવાર ઠાકોર સેનાના પ્રોગ્રામનું સુરસુરિયું થયું હતું.

# ઠાકોર સેના દ્વારા ધાનેરા-ડીસા હાઈવે પર ચક્કાજામ

### ધાનેરા પોલીસે ૫૦ જેટલા ઠાકોર યુવકોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ધાનેરા ખાતે ઠાકોર સેના ધ્વરા રસ્તા વચ્ચે ટાયર સળગાવી રસ્તો ચક્કાજામ કરી દેતા ભારે ટ્રાફિક સર્જાયું હતું તો બીજી તરફ ધાનેરા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ૫૦ જેટલા ઠાકોર સેના ના યુવકો ની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

દેશના વડાપ્રધાન ગુજરાત પધારવાના હોઈ અને ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર વડપ્રધાનના કાર્યક્રમમાં રજૂઆત કરવાના હોવાથી અલ્પેશ ઠાકોર કાર્યક્રમમાં પહોંચે તે પહેલા જ પોલીસ ધ્વરા અટકાયત કરી દેતા સમગ્ર ગુજરાત ની ઠાકોર સેનામાં ભારે રોષ ની લાગણી જોવા મળી હતી અને વિવિધ જગ્યાઓ ઉપર ઠાકોર સેના ધ્વરા ભારે વિરોધ કરવામાં આવ્યો હતો ત્યારે બનાસકાંઠા જિલ્લા ના ધાનેરા માં પણ ઠાકોર સેનાએ ધ્વરા ધાનેરા મામબાપાજી ના મંદિર પાસે ડીસા હાઈવે રોડ ઉપર ટાયર સળગાવી રસ્તો બ્લોક કરી જક્કાજામ: કર્યુ હતું અને ભારે ટ્રાફિક સર્જાયું હતું સમગ્ર ઘટના ની જાણ ધાનેરા પોલીસ ને થતા ધાનેરા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને ૫૦ જેટલા ઠાકોર સેનાના કાર્યકર્તાઓ ની અટકાયત કરી હતી ઠાકોર સેના ધ્વરા જાહેર રસ્તો બ્લોક કરી દેતા ભારે ટ્રાફિક સર્જાયું હતું અને પોલીસે મહામહેનતે ટ્રાફિક ખુલ્લું કરી રસ્તા પાર વાહનો ની અવર જવર ચાલુ કરી હતી.



# અરવલ્લી જિલ્લામાં રાત-દિવસ પવન ફૂંકાતા ઘઉંના ખેતરોમાં ઉભા પાકના ઉત્પાદનમાં ભારે ફટકો

અરવલ્લી, તા. ૮

અરવલ્લી જિલ્લામાં વિતેલા ચોમાસાના માફકસરના પ્રમાણસર વરસેલા વરસાદથી શિયાળુ ખેતી માટે પર્યાપ્ત જળ જથ્થો કૂવા-બોરમાં સંચિત થતા રવિ મોસમમાં જિલ્લામાં સહુથી વધુ ઘઉંનું ૬૪૨૦૦ હેક્ટરમાં વાવેતર કરવામાં આવ્યુ છે. ત્યારે છેલ્લા સપ્તાહથી ભારે પવન ફૂંકાતા ઘઉંના ઉભા પાકનો સોથ વળી જવાની સાથે ઘઉંના ઉત્પાદનમાં મોટો ફટકો પડવાની ભીતી સેવાતા જગતનો તાત નિરાશામાં ઘરકાવ થઈ ગયો છે. જિલ્લાના વાતાવરણમાં વારંવાર થતા પલટાથી જિલ્લામાં રવિ સિઝનમાં પાક પર અસર થશે તો ખેડૂતોની હાલત દયનીય બની જશે.

ગત ચોમાસામાં રોકડીયો ગણાતો કપાસ સુકારાના રોગથી ખર્ચો નીકળે તેટલો પણ પાક્યો ન હતો અને બજારમાં પણ કપાસના ભાવો સારા નહિ મળતા ખેડૂતોને નુકશાન જ વેઠવાનુ આવ્યુ છે. અલબત્ત ચોમાસુ મગફળી પકવતા ખેડૂતોને ટેકાના ભાવે વેચાણ વ્યવસ્થા મળતા હોઠ જતા નાક રહી ગયુ પણ તેમાંય આમદની અઠ્ઠની અને ખર્ચો રૂપૈયા જેવો ઘાટ થયો હતો.

આ વેદનાભરી સ્થિતિમાં રવિ પાક ઉપર જગતના તાતનો મોટો મદાર હતો. સિંચાઈ માટે પાણી હતુ તેથી શિયાળુ ઠંડી શરૂ થતા જ ઘઉંનું મબલખ વાવેતર કરી દીધુ અને તેની પાછળ પુરી માવજત ખાતર પોતર કર્યુ ત્યાં જ ઘઉંના કંટીમાં આવવાના ટાળે ફરી કુદરતી આફત આવી સતત પવન પુંકાઈ રહ્યો છે. સિંચાઈ કરેલા ઉભો પાક આડો પડી જતા અને સોથ વળી જતા તેના લીધે પચાસથી સાઈઠ ટકા ઉત્પાદન પર ફટકો પડવાની હાલતે ભૂમિપુત્રો આજકાલ હતાશાની ગર્તોમાં ધકેલાઈ ગયા છે. હજુ પણ પવન ચાલુ છે ત્યારે ધરતીપુત્રોમાં ચિંતા અને મુંઝવણનો કોઈ પાર નથી. જિલ્લામાં વાવેતર કરેલા ૬૪૨૦૦ હેક્ટર ઘઉંના વાવેતર બાદ ઉત્પાદન ટાણે તોળાતા ખતરાથી ઘઉંના ઉત્પાદનમાં ફટકો પડશે તો મોંઘાદાટ બિયારણ અને જંતુનાશક દવાઓનો ખર્ચો પણ કાઢવો મુશ્કેલ પડી જશે અને ખેડૂતો બિચારા દેવાના ડુંગર નીચે દટાઈ જાય તેવી નોબત આવે તો નવાઈ નહી..!



# અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં હોળીના તહેવારના પગલે ધાણી, ખજૂરના ઢગ ખડકાયા

અરવલ્લી, તા. ૮

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના બજારોમાં હોળી પર્વે નજીક આવતા ધાણી, ખજૂર, હારડા, સીંગ, ચણાના ઢગ ખડકાઈ જતા ખરીદીનો માહોલ જામી રહ્યો છે. રંગોત્સવના પર્વે હોળીનો તહેવાર નજીક આવતા બજારોમાં ધાણી, ખજૂરોના વેચાણમાં ઘરાકી જામી છે. મોડાસાના મુખ્યમાર્ગો પર અલગ અલગ ધાન્ય પાકની ધાણીના ઢગ



ખડકી ફેરીયાઓ ધાણીનો ધૂમ વેપાર કરી રહ્યા છે.

બન્ને જિલ્લામાં સીંગ, ચણાના વહેપારીઓએ જણાવ્યુ હતુ કે અત્યારે ધાણી અને ખજૂરની ખરીદીમાં ઘરાકી જામી રહી છે. હોળીનો પર્વ નજીક આવતા સવારથી ઘરાકીમાં વધારો થયો છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ધાણી અને ખજૂર તેમજ હારડાના સ્ટોલો તેમજ લારીવાળા અને ફેરીયાઓનો જમાવડો જામી ગયો છે. ત્યારે આ પર્વને મનાવવા માટે ગૃહીણીઓ ખરીદીમાં વ્યસ્ત બની છે. વસંતઋતુમાં ધાણી અને ખજૂરથી ઔષધીય ફાયદા થાય છે. આયુર્વૈદિક ડૉક્ટરના જણાવ્યા મુજબ વસંતઋતુમાં ઘર-ઘરમાં વાઈરલ બીમારી જેવી કે ખાંસી અને કફની બીમારી જોવા મળે છે. આ ઋતુમાં ખંજવાળના પ્રકોપથી પ્રજાજનો તોબા પોકારી ઉઠે છે. જેથી ખાંસી, કફ મટાડવાનુ કામ ચણા અને ધાણી કરે છે. ખજૂર લોહી અને વજન વધારે છે. ચક્કર, બળતરા કે ઉલટીના પ્રકોપ વધ્યો હોય તો ધાણી તેમજ ખજૂરનુ પાણી પીવાથી ફાયદો થાય છે.



# મોડાસાના માથાસુરિયા ગામે વિજતારના તણખલાથી ૨ વિઘા જેટલા ઉભા ઘઉં બળીને ખાખ : ભૂમિપુત્ર પર આભ તૂટ્યુ

અરવલ્લી જિલ્લામાં દર વર્ષે ખેડૂતોના મહામૂલા પાક ઘઉંનો વિજતંત્રની બેદરકારીના પગલે ખેતરમાં સૂકાયેલો ઘઉંનો ઉભો પાક વિજતારના તણખલાથી બળીને સ્વાહા થઈ જવાની ઘટનાઓ છાશવારે બની રહી છે. મોડાસા તાલુકાના માથાસુરિયા ગામે મંગળવારે સાંજના સુમારે ૨૫ વીઘા ઘઉંના ખેતરમાં વીજતણખલાથી આગ લાગતા અંદાજે ૨ વિઘામાં ફેલાયેલા ઘઉં બળીને ખાખ થઈ ગયા હતા. ઘઉંના ખેતરમાં આગની ઘટનાથી દોડી આવેલા ખેડૂતોએ પાણીનો મારો ચલાવી આગ પ્રસરતી અટકાવતા બાકીના ૨૩ વિઘા જેટલી જમીનમાં ઘઉંનો ઉભો પાક બળી ગયો હતો. બે વિઘા જમીનના ઘઉં બળી જતા ખેડૂતના માથે આભ તૂટી પડ્યુ હતુ. મોડાસા તાલુકાના માથાસુરિયા ગામના મહેન્દ્રભાઈ વણકરે ગામની સીમમાં આવેલા ૨૫ વીઘા ખેતરમાં ઘઉંનું વાવેતર કર્યુ હતું. મંગળવારે સાંજના સુમારે ખેતર ઉપરથી પસાર થતા વિજતાર પવનના લીધે તાર ભેગા થઈ જતા તણખલાથી ખેતરમાં ઉભેલા ઘઉંમાં આગ લાગતા અને જોતજોતામાં આગ પ્રસરતા ભયાનક આગ લાગતા આજુબાજુના ખેડૂતો અને ગામલોકો દોડી પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લીધી હતી.

# પ્રાંતિજમાં શ્રીમદ્ ભાગવત કથાની પૂર્ણાહૂતિ

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે પાંચ દિવસ્ય શ્રીમદ્ ભાગવત જ્ઞાન કથા યોજાઈ હતી જેમાં હજારોની સંખ્યામાં હરિભક્તોએ હાજર રહીને ધાર્મિક કથાનો લાભ લીધો હતો.

પ્રાંતિજ બજારચોક વિસ્તારમાં આવેલ સ્વામિનારાયણ મંદિર સંકુલમાં પંચરાત્રીય પારાયણ ભાગવત કથા યોજાઈ હતી જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી હજારોની સંખ્યામાં હરિભકતોએ કથા સાંભળીને ધન્યતા અનુભવી હતી અને મંદિરના મહંત અને કથા વકતા સ્વામી ગોપાલજીવનદાસજી દ્વારા પોતાની આગવી શૈલીમાં હરિભક્તોને કથાનું રસપાન કરાવતાં હરિભક્તોમાં ધાર્મિક જ્ઞાનની સાથે હિન્દુધર્મ પ્રેમની ભાવનામાં પણ વધારો થયો હતો જ્યારે મંદિરના પ્રમુખ લાલુભાઈ પડ્યા, દિપકભાઈ મોદી, હરિભાઈ તથા યુવાનોની ટીમ દ્વારા પાંચ દિવસીય કથાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને છેલ્લા દિવસે પણ મંદિર વ્યવસ્થાપકો દ્વારા સમુહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.



# આજે પ્રાંતિજમાં જશ્ને ઔલીયા એ કીરામનો કાર્યક્રમ

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ભોલેશાહ બાવા ઉર્ષ કમિટી પ્રાંતિજ દ્વારા આગામી ૯ માર્ચ ના રોજ હઝરત ભોલેશાહ બાવાના ઉર્ષ મુબારકના સિલસિલામાં જશ્ને ઔલીયા એ કીરામ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાતે ઈશાની નમાજ બાદ નૂરાની મૈદાન (ચોપાટી ગ્રાઉન્ડ)માં ખલીફા એ હુઝુર શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ ઈકબાલ બાપુ અશરફી બુખારીની આગેવાનીમાં યોજાનાર આ પ્રોગ્રામમા આસ્તના એ અહેમદીયા અશરફીયા જાઈસ શરીફના સજ્જાદા'નશીન આલે નબી, ઔલાદે અલી, ગુલે ગુલઝારે અશરફીયત હુઝુર ફાઝીલે બગદાદ, ગાઝી એ ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાન "સૈયદ સલમાન અશરફ અશરફીયુલ જીલાની સાહેબ" પોતાના નૂરાની બયાનથી હાજરજનોના દિલોને મુનવ્વર કરશે.

# પ્રાંતિજ સર્જન ફાઉન્ડેશન દ્વારા મહિલા દિનની ઉજવણી

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. પ્રાંતિજ લાલ દરવાજા ખાતે આવેલ સર્જન ફાઉન્ડેશન દ્વારા પ્રાંતિજ તથા આજુબાજુના ગામોમાં રહેતી મહિલાઓને રોજગારી અને સરકાર દ્વારા ચાલતી સેવાઓનો લાભ મળે તે હેતુથી મહિલાદિન નિમિત્તે સર્જન ફાઉન્ડેશન ખાતે મહિલા દિનની ઉજવણીના ભાગરૂપે આવેલ મહિલાઓને વિવિધ યોજનાઓ વિષે ઉપસ્થિત જનશિક્ષણ સંસ્થા હિંમતનગરના ડાયરેકટર અહેમદભાઈ મનસુરી તથા સર્જન ફાઉન્ડેશન પ્રાંતિજના પ્રોજેકટ ઓફિસર અશોકભાઈ પરમાર દ્વારા આવેલ મહિલાઓને માર્ગદર્શન પુરું પાડી સરકારી ચાલતી સ્કીમો વિશે માહીતગાર કર્યાં હતાં જેમાં સર્જન ફાઉન્ડેશનના પ્રાંતિજ ખાતે ના સ્ટાફ દ્વારા પણ ઉપસ્થિત મહિલાઓને મહિલાઓને આ પ્રસંગે માહિતી આપવામાં આવી હતી જયારે પ્રાંતિજ સહિત આજુબાજુમાંથી મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન મેળવ્યું હતું.

